
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



પેપર ઉંધું કરી વાચશોજી...

## પટેલ સમાજ અમદાવાદ દ્વારા જીવનસાથી પસંદગી મેળો યોજાશે

પટેલ સમાજ અમદાવાદ દ્વારા સમસ્ત ગુજરાત રાજ્યમાં વસતા પટેલના સંતાનો માટે જીવનસાથી પસંદગી મિલન સમારોહ તા. ૧ થી ૭ એપ્રિલ વિનામૂલ્યે યોજાશે. દરરોજ સવારે ૧૦ થી ૧૨, સાંજે ૪.૩૦ થી ૬.૦૦ વાગ્યા સુધી અમદાવાદ મુકામે યોજાશે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાની ઈચ્છા હોય તેમને સંપૂર્ણ બાયોડેટા કલર ફોટા સાથે વાલી જોડે રૂબરૂ સંપર્ક સાધવો. મેળાનું સ્થળ વિશ્વકર્મા સોસાયટી, પેટ્રોલપંપ સામે જોધપુર ચાર રસ્તા સેટેલાઈટ, અમદાવાદ મો. નં. ૯૯૨૪૦ ૨૩૩૪૪નો સંપર્ક સાધવા જણાવેલ છે.



ગાંધીનગરના વાવોલ ખાતેથી તાજેતરમાં અડાલજ ખાતે નવનિર્મિત અન્નપૂર્ણા માતાના મંદિર સુધીની પગપાળા યાત્રા યોજાઈ હતી. જેમાં વાવોલના શ્રધ્ધાળુઓ પરિવાર સહિત પગપાળા સંઘમાં જોડાયા હતા. ઢળતી બપોરે આરંભાયેલી આ પદયાત્રા સાંજે અન્નપૂર્ણા ધામ આવી પહોંચી હતી. રસ્તામાં ભાવિકોએ ભજન-કિર્તન સાથે સત્સંગ કર્યો હતો.

## સેકટરના વસાહતીની કોમન ચોકમાં પડેલી ગાડીની હવા નિકાળી દેવાઈ

ગાંધીનગર, તા.૩૧

પહેલાના સમયમાં ગાડીએ સ્ટેટસ સિમ્બોલ ગણાતી હતી. પરંતુ હાલના સમયેગાંધીનગર શહેરમાં ઘરે ઘરે ગાડીઓ જોવા મળે છે. કેટલાક પરિવારમાં તો સભ્ય દીઠ ગાડી હોય છે. તેથી શહેરમાં ટ્રાફિક સમસ્યા વધી જવા પામી છે.

કેટલાક પરિવારમાં તો સભ્યોની સંખ્યા કરતા વાહનોની સંખ્યા વધી જવા પામે છે. ત્યારે ઘર પાસે વાહનો મુકવાની જગ્યા રહેતી નથી. જેને પગલે સેકટરના કેટલાક રહીશો પોતાની ઓછી વપરાતી ગાડીઓ દુર કોમન પ્લોટમાં મુકી રાખે છે. ત્યારે શહેરના ભરચક વિસ્તારમાં કલીનીક ધરાવતા નામાંકિત ડોકટરે ત્રણ દિવસથી કોમન પ્લોટમાં પડી રહેલી ગાડીની હવા સિક્યુરીટીને કહીને નીકાળી દેવાઈ હતી.

જેને પગલે ગાડી માલિક અને આસપાસના રહીશોમાં આ ડોકટરને લઈ રોષ ભભુકી ઉઠ્યો હતો. જયારે ભણેલા ગણેલા નામાંકિત ડોકટર દ્વારા આ પ્રકારનું પગલુ ભરવામાં આવતા સ્થાનિક નાગરીકો હેબતાઈ ગયા હતા. સ્થાનિક નાગરીકો કહી રહ્યા હતા કે કોઈ અભણ વ્યકિત આ પ્રકારનુ પગલુ ભરે તો કંઈ શીખામણ આપે પરંતુ આમને કોણ શીખામણ આપે.

જયારે સ્થાનિક નાગરીકોમાં રોષ હોવા છતા ગાડીમાંથી સિકયુરીટીને કહીને હવા નીકાળી દીધાનુ સહેજ પણ દુખ આ તબિબના ચહેરા પર જોવા મળતુ ન હતું તેવુ સ્થાનિક નાગરીકોમા ચર્ચાઈ રહ્યું હતું. ત્યારે હાલના સમયે તો કોમન પ્લોટમાં ગાડી મુકતા પહેલા સ્થાનિક નાગરીકો પણ સો વાર વિચાર કરે છે અને થોડા થોડા સમયે પોતાની ગાડીની હવા તો નથી નીકળી ગઈ ને તે બારીમાંથી જોતા રહે છે.

# રાજસ્થાન સ્થાપના દિવસે દિપીકા ભાટ-દિલરાજ બંજારાએ ધૂમ મચાવી

### ગાંધીનગરના સમસ્ત રાજસ્થાન સમાજના પરિવારો મોટી સંખ્યામાં ઉમટી પડયા

ગાંધીનગર, તા.૩૧





ગાંધીનગરમાં શનિવારની સાંજે સે-૧૬ના રંગમંચ ખાતે આયોજિત રાજસ્થાન સ્થાપના દિવસની ઉજવણીમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત જિલ્લાના રાજસ્થાની સમાજના નાગરિકોએ રંગેચંગે ઉજવણી કરી હતી. કાર્યક્રમમાં રાજસ્થાનના જાણીતા ટીવી કલાકારો દિપીકા ભાટ અને દિલરાજ બંજારાએ ધમાકેદાર પરફોર્મન્સ આપી ભારે રંગ જમાવ્યો હતો. આ પ્રસંગે જાણીતા ઉદ્યોગપતિ અને સમાજસેવક ઉમેદસિંહ ચંપાવત અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહ્યા હતા.

પાટનગરમાં વસવાટ કરતા પડોશી રાજય રાજસ્થાનના નાગરિકોના સમસ્ત રાજસ્થાન સમાજ દ્વારા આયોજિત કાર્યક્રમમાં અધ્યક્ષપદે ગંગાસિંહ પરમાર ઉપરાંત અન્ય મહેમાનોમાં દિનેશ દૂબે, સત્યનારાયણ શર્મા વગેરે સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજસ્થાન સ્થાપના દિવસની આ ઉજવણીમાં વિવિધ સાંસ્કૃતિ કૃતિઓ ઉપરાંત પરંપરાગત રાજસ્થાની નૃત્યો, કરતબ તથા લોકગીતોએ ધૂમ મચાવી હતી. સમસ્ત રાજસ્થાન સમાજના તૃતીય વાર્ષિકોત્સવ સમા આ કાર્યક્રમના આયોજનમાં સમસ્ત રાજસ્થાન સમાજના અગ્રણીઓ મુકેશકુમાર વ્યાસ, તુલસીભાઈ માળી, જગદાનસિંહ ચારણ, વિક્રમસિંહ રાજપૂત, મુથાજી પ્રજાપતિ, માધુભાઈ પ્રજાપતિ, માંગીલાલ ગુર્જર, ગોપાલ શર્મા સહિત સભ્યોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં સમસ્ત રાજસ્થાન સમાજના મોટાભાગના તમામ સભ્યો પરિવાર સહિત ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર રંગમંચનો માહોલ રાજસ્થાનમય બનાવ્યો હતો.

# ચિલોડા વિસ્તારમાં ઘઉંની કાપણી માટે હાર્વેસ્ટર મશીનો લગાડયા

ચિલોડા, તા.૩૧

ચિલોડા વિસ્તારમાં રવી સિઝનમાં ચાલુ સાલે બટાકા અને ઘઉંનું સારું વાવેતર કરાયું હતું ત્યારે હોળી તહેવાર પહેલાં બટાકા કાઢવાની કામગીરી પૂર્ણ થઈ હતી ત્યાર બાદ માર્ચ માસના અંત સુધી ચાલુસાલે ઠંડીનો માહોલ જળવાઈ રહેતા બટાકા અનો ઘઉંના વાવેતરમાં અનુકુળ વાતાવરણ મળી રહેતા બંને પાકોમાં ઉત્પાદન સારું મળી રહ્યું છે. પરિણામે ખેડૂત આલમમાં રાહતની લાગણી પ્રવર્તી રહી છે. ચિલોડા વિસ્તારમાં મજૂરો હોળી તહેવારે પોતાના વતન તરફ પ્રયાણ થયા હતા ત્યારે માર્ચના અંતમાં ઉનાળાની ગરમીનું પ્રમાણ વધતા ઘઉંનો પાક ટૂંક સમયમાં ખેતરોમાં તૈયાર થતાં ખેડૂતોએ ઘઉં કઢાવવાની કામગીરીનો પ્રારંભ કરી દીધો છે. અમુક ખેતરોમાં મજૂરો દ્વારા ઘઉં કાપણીની કામગીરી શરુ કરી છે પરંતુ મજુરો તથા થ્રેસરનો ખર્ચ ૧ વીઘામાં ૩૨ હજારથી વધુ આવતાં હવે ખેડૂતો ઓછા સમયમાં ઓછા ખર્ચે થતા ઝડપી ઘઉં લેવા માટે હાર્વેસ્ટર મશીનનો ઉપયોગ કરવા મજબુર બન્યા છે. હાલમાં ચિલોડા પંથકમાં ત્રણ હાર્વેસ્ટર મશીનો પુરજોશમાં ઘઉં કાપણીમાં જોડાયા છે. માત્ર ૧ વીઘામાં માત્ર ૧૫૦૦ રૂપિયાના ખર્ચે ઘઉં કાઢવાની કામગીરીથી ખેડૂતો રાહત અનુભવી રહ્યા છે. હાલમાં ચિલોડા વિસ્તારમાં ઘઉંનું ઉત્પાદન એક વીઘામાં સરેરાશ ૫૦ થી ૬૫ મણના ઉતારા સાથે સારી ગુણવત્તાવાળા ઘઉંના ઉત્પાદનથી ખેડૂતોમાં રાહતની લાગણી પ્રવર્તી રહી છે.

## જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા માણસાના તબીબો સાથે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ખાનગી પ્રેકટીસ કરતા તમામ ડોકટર્સ સાથે જિલ્લા ક્ષય કેન્દ્ર ગાંધીનગર દ્વારા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં તમામ ડોકટર્સને ટીબી એક નોટીફાયેબલ રોગ છે. જેને પગલે ખાનગીમાં શોધાતા તમામ ટીબીના કેસની નોંધણી કરવા અંગે રસપ્રદ માહિતી આપી હતી. આ પ્રસંગે માણસાના ડોકટર્સ ભાઈ બહેનો તેમજ જિલ્લા ક્ષયના અધિકારીઓ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

ભારત સરકારના રાજપત્રમાં જણાવ્યા મુજબ જે ડોકટર્સ ટીબીના કેસની નોંધણી ન કરાવે તે ડોકટરને જેલની સજાતેમજ દંડની જોગવાઈ પણ થઈ શકે છે. આથી તમામ ડોકટર્સને આ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. ઉપરાંત જણાવેલ કે જે ડોકટર ટીબીના દર્દીની નોંધણી કરાવશે તે ડોકટરને કેસ દીઠ રૂ.૫૦૦ મળવા પાત્ર રહેશે અને જે દર્દીની સારવાર શરુ હશે તે દર્દીને પણ પોષણ સહાયને અનુલક્ષીને રૂ.૫૦૦ મળવાપાત્ર છે.આ બેઠકમાં હાજર તમામ ડોકટરને ટીબીના ચાલતા રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમમાં આવેલા દવાઓ અને નિદાન પધ્ધતિઓથી માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં માણસા તાલુકાના મેડીકલ એસોસિએશનના તમામ ડોકટર્સ તેમજ જીલ્લા ક્ષય કેન્દ્રના અધિકારી પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે જિલ્લા ક્ષય કેન્દ્રના સ્ટાફે પણ હાજરી આપી હતી આ સમગ્ર કાર્યક્રમમાં માણસા તાલુકાના ૨૫ થી વધુ પ્રાઈવેટ ડોકટર ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



### પીડીપીયુના ૪૬૦ વિદ્યાર્થીઓ ચાઈનીઝ બ્રશ પેઈન્ટિંગ કળા શીખ્યાં

ગાંધીનગરની પંડિત દિન દયાલ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીના સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના ઓડિટ કોર્સ અંતર્ગત 'ચાઈનીઝ બ્રશ પેઈન્ટિંગ' વર્કશોપ યોજવામાં આવ્યો હતો જેમાં ૪૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વર્કશોપમાં ચાઈનીઝ બ્રશ પેઈન્ટિંગના તજજ્ઞ સીમા અગ્રવાલ અને તેમની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. પીડીપીયુની એસએલએસના 'એક્સોઝર યુ એનસીસી'ના વિદ્યાર્થીઓ માટે આયોજિત વર્કશોપમાં વિદ્યાર્થીઓ ચીનમાં 'ગુઓહુઆ' તરીકે જાણીતી અંદાજે ૬ હજાર વર્ષ પુરાણી ચાઈનીઝ બ્રશ પેઈન્ટિંગ કળા શિખ્યા હતા. આ કળામાં પરંપરાગત રીતે કાળી અથવા રંગીન પીગ્મેન્ટનો ઉપયોગ કરીને કાગળ અથવા રેશમી કાપડ પર બે વિવિધ શૈલીમાં ચિત્રો તૈયાર કરવામાં આવે છે જે માટે ખાસ પ્રકારનુ ચાઈનીઝ બ્રશ ઉપયોગમાં લેવાય છે. વર્કશોપમાં વિદ્યાર્થીઓને ચાઈનીઝ બ્રશના વિવિધ સ્ટ્રોક્સ સહિતની પદ્ધતિઓ શિખવાડવામાં આવી હતી.

# રંગીલા રાજકોટની લોકસભા બેઠકે ત્રણ ચીફ મિનિસ્ટરને જીતાડી પાર્લામેન્ટમાં મોકલ્યા છે

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

## સુરતની બેઠક કાશીરામ રાણાનો પર્યાય હતી, કેમ કે તેઓ છ ટર્મ MP રહ્યાં હતા

રંગીલા રાજકોટની પ્રતિષ્ઠાભરી લોકસભા બેઠક પર એક સમયે કોંગ્રેસનો જમાનો હતો. ૧૯૫૨માં મેજર જનરલ હિંમતસિંહજી જાડેજા અને ખંડુભાઇ દેસાઇ કોંગ્રેસના સિમ્બોલ પર ચૂંટાઇ આવ્યા હતા. ૧૯૫૭માં આ બેઠકનું અસ્તિત્વ ન હતું, પરંતુ ૧૯૬૨માં સ્વતંત્ર પાર્ટીના ઉચ્છલરાય નવલશંકર ઢેબર રાજકોટની લોકસભા બેઠક પરથી ચૂંટાઇ આવ્યા હતા. તેઓ ભારતના સ્વતંત્ર સેનાની હતા. ભારતને સ્વતંત્રતા મળ્યા પછી બનેલા સૌરાષ્ટ્ર રાજ્યમાં ઢેબરભાઇએ ૧૯૪૮ થી ૧૯૫૪ દરમ્યાન મુખ્યમંત્રીનો પદભાર સંભાળ્યો હતો. રાજનીતિમાં ગળાડૂબ હોવા છતાં તેઓ વાંચન પ્રેમી હતા. તેઓ કહેતા કે-- 'કોઇ સુંદર પુસ્તક હું જોઉં અને હું ખરીદી ન શકું ત્યારે મને લાગે કે હું ગરીબ છું.' તેમણે કહ્યું હતું કે-- 'ગાયને જો ઘાસના બદલે કાગળ ખાવા પડે તો હું તેને મારી અધુરી વ્યવસ્થા ગણું છું.' ઢેબરભાઇને કવિ કાગ એ 'આકાશ જેવા આદમી' અને સરદાર વલ્લભભાઇ પટેલે 'બત્રીસ લક્ષણા પુરૂષ' તરીકે નવાજ્યા હતા. ઢેબરભાઇ ૧૯૫૫ થી ૧૯૫૯ સુધી એટલે કે પાંચ વખત કોંગ્રેસના પ્રમુખ તરીકે પણ ચૂંટાયા હતા. ૧૯૬૫ અને ૧૯૬૭ની લોકસભા ચૂંટણીમાં સ્વતંત્ર પાર્ટીના રૂસ્તમ મસાણી જીત્યા હતા. ૧૯૭૧માં પૂર્વ મુખ્યમંત્રી ઘનશ્યામ ઓઝા કોંગ્રેસમાંથી જીત્યા હતા. એવી જ રીતે ભારતીય લોકદળના કેશુભાઇ પટેલ પણ રાજકોટના સાંસદ હતા. ૧૯૮૦માં કોંગ્રેસમાંથી રામજી મેવાણી અને ૧૯૮૪માં રમાબેન પટેલ આ બેઠક પરથી સાંસદ બન્યા હતા. રાજકોટની બેઠક ૨૦૦૯ને બાદ કરતાં ૧૯૮૯થી ભાજપનો ગઢ રહ્યો છે. શિવલાલ વેકરિયા બે વખત, વલ્લભ કથિરીયા ચાર વખત અને મોહન કુંડારિયા એક વખત ચૂંટાયા છે. હવે જમાનો એવો આવ્યો છે કે ૨૦૦૯માં કોંગ્રેસના સાંસદ રહી ચૂકેલા અને ભાજપ સામે લડેલા કુંવરજી બાવળિયા ૨૦૧૯માં ભાજપના ઉમેદવારને જીતાડવામાં મદદ કરી રહ્યાં છે. પક્ષપલ્ટો કરીને તેઓ ભાજપની સરકારમાં મંત્રી બની ચૂક્યાં છે. તેઓ ભાજપના મોહન કુંડારિયા માટે લોકસભામાં કામ કરશે.

## ગુજરાતની જવાબદારી એક વખત મોદીએ લીધી બીજી વખત અમિત શાહે લીધી

**પહેલાં મોદી, હવે અમિત શાહ પર દાવ...**

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રોલમાં આવી ગયા છે, કેમ કે તેમને ગુજરાતની ૨૬ બેઠકો જીતાડવાની જવાબદારી સોંપવામાં આવી છે. પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓ પણ કહે છે કે અમિત શાહ ગાંધીનગરથી લોકસભાની ચૂટણી લડી રહ્યાં છે તેથી તેઓ ગુજરાતની તમામ બેઠકો જીતાડવામાં પાર્ટીને મદદ કરશે. દેશમાં વિભિન્ન પાર્ટીઓએ ભાજપ સામે મોરચો ખોલ્યો છે ત્યારે વડાપ્રધાન મોદી એવું માને છે કે રાજ્યમાંથી એક પણ બેઠક ઓછી થવી જોઇએ નહીં. મોદીને પાસે દેશના રાજ્યોમાં ચૂંટણી પ્રચારની જવાબદારી હોવાથી તેમણે અમિત શાહને ગુજરાતમાં ઉમેદવાર બનાવી દીધા છે કે જેથી પાર્ટી તેના ટારગેટ પ્રમાણે બેઠકો પ્રાપ્ત કરી શકે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં નરેન્દ્ર મોદી ગુજરાતી પ્રાઇમ મિનિસ્ટર બનતા હોવાથી ગુજરાતીઓએ મોદીની મતની ઝોળી છલકાવી દીધી હતી. મોદી પછી હવે અમિત શાહ મેદાનમાં આવ્યા છે. તેઓ ૨૦૧૯માં વડાપ્રધાન તો બનવાના નથી, પરંતુ કેન્દ્રીય કેબિનેટના નંબર-૨ સભ્ય જરૂર બની શકે છે. ભાજપે તેની સ્ટ્રેટેજીમાં બીજા ગુજરાતીને દાવ પર લગાવ્યા છે ત્યારે ૨૬મી એપ્રિલે અમિત શાહની રાજકીય તાકાતનો અંદાજ આવી જશે. દિલ્હીમાં આમ પણ મોદીના વડાપ્રધાન બન્યા પછી ગુજરાતીઓનો દબદબો રહ્યો છે. કેન્દ્ર સરકારની બ્યુરોક્રેસીમાં પણ સૌથી વધુ ગુજરાત કેડરના ઓફિસરો કામ કરે છે, જેના કારણે અન્ય રાજ્યોને ગુજરાત આંખના કણાની જેમ ખૂંચી રહ્યું છે.

**વલસાડની બેઠક-- કભી ભાજપ, કભી કોંગ્રેસ...**

ગુજરાતની દક્ષિણ ધરાની છેલ્લી લોકસભા બેઠક વલસાડ છે. આ બેઠક એક સમયે કોંગ્રેસનો ગઢ ગણાતી હતી. ૧૯૫૭ થી ૧૯૭૭ સુધીની પાંચ ટર્મ પૈકી કોંગ્રેસને ત્રણ, કોંગ્રેસ (ઓર્ગેનાઇઝેશન) ને એક અને જનતા પાર્ટીને એક ટર્મ મળી છે. જો કે આ પાંચ ટર્મમાં સાંસદ તરીકે નાનુભાઇ પટેલ હતા. તેમણે ત્રણ પાર્ટીઓ બદલીને પણ બેઠક જાળવી રાખી હતી. ૧૯૮૦ અને ૧૯૮૪માં કોંગ્રેસના ઉત્તમ પટેલ સાંસદ બન્યા હતા. ૧૯૮૯માં અર્જુન પટેલ જનતાદળમાં ચૂંટણી લડ્યા હતા અને સાંસદ થયા હતા. ૧૯૯૧માં ફરી કોંગ્રેસના ઉત્તમ પટેલ ચૂંટાઇ આવ્યા હતા. કોંગ્રેસે ૧૯૯૬માં બ્રેક લીધી હતો અને ૧૯૯૬ થી ૧૯૯૯માં ત્રણ ટર્મ માટે ભાજપના મણીભાઇ પટેલ આ બેઠક પરથી ચૂંટણી જીત્યા હતા. ફરી સત્તા પરિવર્તન થયું અને કોંગ્રેસ ફરીથી સપાટી પર આવી હતી. ૨૦૦૪ અને ૨૦૦૯માં કોંગ્રેસના કિસન પટેલ ચૂંટણી જીત્યા હતા પરંતુ તેઓ ૨૦૧૪માં ભાજપના કેસી પટેલની સામે ચૂંટણી હારી ગયા હતા.

**એકે પટેલનો ગઢ મહેસાણા પાસાં બદલે છે...**

ગુજરાતની બીજી બેઠકોની જેમ મહેસાણા લોકસભા બેઠક પણ કોંગ્રેસનો ગઢ રહ્યો છે પરંતુ આશ્ચર્ય સાથે આ બેઠક પરથી ૧૯૫૭ની ચૂંટણીમાં પુરુષોત્તમ રણછોડદાસ પટેલ અપક્ષ તરીકે ચૂંટાઇ આવ્યા હતા. ૧૯૫૨માં કોંગ્રેસના તુલસીદાસ કિલાચંદ અને શાંતિલાલ પરીખ ચૂંટાઇ આવ્યા હતા. તે સમયે મહેસાણા વેસ્ટ અને ઈસ્ટ એમ બે બેઠકો હતી. ૧૯૬૨માં કોંગ્રેસના મણીબેન વલ્લભભાઇ પટેલ, ૧૯૬૭માં સ્વતંત્ર પાર્ટીના રામચંદ્ર અમીન, ૧૯૭૧માં નટવરલાલ અમૃતલાલ પટેલ ચૂંટાયા હતા. ૧૯૮૦માં ફરીથી ભારતીય લોકદળમાંથી મણીબેન પટેલ અને ઈન્દિરા કોંગ્રેસમાંથી મોતીભાઇ ચૌધરી ચૂંટાઇ આવ્યા હતા. ૧૯૮૪માં મહેસાણાના મતદારોએ બાજી બદલી હતી. ભાજપના એકે પટેલ ૧૯૮૪ થી ૧૯૯૮ સુધી એમ કુલ પાંચ ટર્મ સુધી સાંસદ રહ્યાં હતા પરંતુ ૧૯૯૯માં ફરીથી મહેસાણાએ પાસુ બદલ્યું અને કોંગ્રેસના આત્મારામ પટેલ ચૂંટાયા હતા. ૨૦૦૪માં કોંગ્રેસમાંથી જીવાભાઇ પટેલ ચૂંટણી જીત્યા હતા. ૨૦૦૯ અને ૨૦૧૪માં ભાજપના જયશ્રીબેન પટેલનો આ બેઠક પરથી વિજય થયો હતો. એક બાબત નિશ્ચિત છે કે મહેસાણાએ ભાજપમાંથી સૌધી વધુ વખત સાંસદ દિલ્હી મોકલ્યા છે.

**જામનગરની બેઠક બન્ને પક્ષને ફળે છે...**

જામનગર લોકસભા બેઠક ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષને ફળે છે એનું મુખ્ય કારણ ૨.૫૦ લાખ પટેલ, ૧.૮૦ લાખ મુસ્લિમ, ૧.૬૨ લાખ આહિર અને ૫.૦૮ લાખ અન્ય સમાજના મતદારો છે. ૧૯૫૨ની પહેલી ચૂંટણીમાં કોંગ્રેસના જેઠાલાલ જોષી અને ૧૯૫૭ની બીજી ચૂંટણીમાં મનુભાઇ શાહ ચૂંટાઇ આવ્યા હતા. એ સમયે મુંબઇ સ્ટેટની મધ્ય સૌરાષ્ટ્રની બેઠક હતી. ૧૯૯૬માં કોંગ્રેસના મનુભાઇ શાહ, ૧૯૬૭માં સ્વતંત્ર પાર્ટીના એન દાંડેકર, ૧૯૭૧માં કોંગ્રેસના દોલતસિંહ જાડેજા, ૧૯૭૭માં જનતા પાર્ટીના વિનોદ શેઠ અને ૧૯૮૦ અને ૧૯૮૪માં કોંગ્રેસના દોલતસિંહ જાડેજા ચૂંટાયા હતા. ભાજપના ચંદ્રેશ પટેલ ૧૯૮૯ થી ૧૯૯૯ સુધી સાંસદ રહ્યાં હતા. જો કે જામનગરે કરવટ બદલી હતી અને ફરી કોંગ્રેસનો જમાનો આવ્યો હતો. ૨૦૦૪ અને ૨૦૦૯માં કોંગ્રેસના વિક્રમ માડમ ચૂંટાઇ આવ્યા હતા. જો કે તેમના પરિવારના એક સભ્ય પુનમ માડમ ભાજપમાં જતાં રહેતાં એક જ પરિવારના બે સભ્યો વચ્ચે લોકસભાની ચૂંટણી લડાઇ હતી જેમાં ભાજપના પુનમ માડમ ચૂંટણી જીતી ગયા હતા. આ વખતે પણ પાર્ટીએ પુનમ માડમને ટિકીટ આપી છે.

**આણંદ એ તો કોંગ્રેસનો ગઢ રહ્યો છે...**

અમૂલ ડેરીના પ્રતિક સમા આણંદની લોકસભા બેઠક પણ કોંગ્રેસનો ગઢ રહ્યો હતો જેને ભાજપ સરકારે ધ્વંશ કરી દીધો છે. ૧૯૫૭ થી ૧૯૮૪ સુધીની સાત ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારો જ લોકસભામાં ગયા છે. ૧૯૮૦ અને ૧૯૮૪માં ઈશ્વરભાઇ ચાવડા સાંસદ હતા પરંતુ ૧૯૮૯માં ભાજપના નટુભાઇ મણીભાઇ પટેલ વિજેતા થયા હતા. જો કે ત્યાર પછી ૧૯૯૮ સુધીની ત્રણ ટર્મમાં ઈશ્વરભાઈ ચાવડા ચૂંટાઇ આવ્યા હતા. ૧૯૯૯માં ભાજપના દિપક પટેલ એક ટર્મ માટે ચૂંટાઇ આવ્યા હતા પરંતુ તે પછી કોંગ્રેસના ભરતસિંહ સોલંકી ૨૦૦૪ અને ૨૦૦૯માં ચૂંટાઇને કેન્દ્રમાં મંત્રી બન્યા હતા. ભાજપે ૨૦૧૪માં દિલીપ પટેલને મેદાનમાં ઉતાર્યા હતા. તેઓ ગુજરાતની કેબિનેટમાં મંત્રી હતી અને લોકસભા લડાવી હતી. દિલીપ પટેલ ચૂંટણી જીતી ગયા હતા પરંતુ પાર્ટીએ ૨૦૧૯માં તેમને ટિકિટ આપી નથી, કેમ કે પાર્ટીને ખાત્રી હતી કે આ વખતે તેઓ ચૂંટણી જીતી શકે તેમ નથી.

**ખેડા લોકસભામાં પણ કોંગ્રેસનો દબદબો હતો...**

ખેડા લોકસભામાં પણ કોંગ્રેસનો દબદબો વર્ષો સુધી રહ્યો છે. ૧૯૫૨માં કોંગ્રેસના મણીબેન પટેલ અને અપક્ષ ફતેહસિંહ ઠાકોર જીત્યા હતા. આ સમયે ખેડા સાઉથ અને ખેડા નોર્થની બેઠક હતી. ૧૯૫૭માં સ્વતંત્ર પાર્ટીના ફતેહસિંહ ઠાકોર ચૂંટણી જીત્યા હતા. ૧૯૬૨ અને ૧૯૬૭માં કોંગ્રેસના પ્રવિણસિંહ સોલંકી સાંસદ રહ્યાં હતા. ૧૯૭૧ અને ૧૯૭૭માં ધર્મસિંહ દેસાઇ કોંગ્રેસમાંથી ચૂંટાઇ આવ્યા હતા. ૧૯૮૦ અને ૧૯૮૪માં અજીતસિંહ ડાભી ચૂંટાયા હતા પરંતુ ૧૯૮૯માં જનતા દળના પ્રભાતસિંહ જેસ્વાણીએ કોંગ્રેસના ઉમેદવારને હરાવ્યા હતા. ૧૯૯૧માં ભાજપના ખુશિરામ જેસ્વાણી ચૂંટાયા હતા પરંતુ ૧૯૯૬ થી ૨૦૦૯ સુધી એટલે કે પાંચ ટર્મ સુધી આ બેઠક પરથી કોંગ્રેસના દિનશા પટેલ ચૂંટાઇ આવ્યા છે. ૨૦૧૪માં ભાજપના દેવુસિંહ ચૌહાણ ચૂંટાયા છે. આ બેઠકે કોંગ્રેસને વધારે ફાયદો કરાવ્યો છે. ૧૯૫૨ થી ૨૦૧૪ના સમય દરમ્યાન માત્ર ત્રણ વખત અન્ય પક્ષના ઉમેદવારો વિજયી થયા છે.

## ખેડા અને આણંદ એ શરૂઆતથી કોંગ્રેસના ગઢ હતા પરંતુ ભાજપે ફાંસ મારી દીધી

**સુરતે ગુજરાતી પ્રાઇમ મિનિસ્ટર આપ્યા છે...**

સુરતની બેઠકે દિલ્હીમાં ગુજરાતી પ્રાઇમ મિનિસ્ટર આપ્યાં છે. ૧૯૫૨માં કનૈયાલાલ દેસાઇ અને બહાદુર પટેલ કોંગ્રેસમાંથી જીત્યા હતા. આ બેઠક પરથી કોંગ્રેસના મોરારજી દેસાઇ ૧૯૫૭, ૧૯૬૨, ૧૯૬૭ અને ૧૯૭૧ની ચૂંટણી જીત્યા હતા. ૧૯૭૭માં મોરચા સરકારમાં સામેલ થઇને મોરારજી દેસાઇ ભારતના વડાપ્રધાન બન્યા હતા. આ બેઠક પરથી કોંગ્રેસના સીડી પટેલ ૧૯૮૦ અને ૧૯૮૪ની ચૂંટણી જીત્યા હતા.

સુરતની બેઠક ભાજપના કાશીરામ રાણાના નામે લખી આપી હોય તેવું લાગતું હતું કારણ કે તેઓ ૧૯૮૯ થી ૨૦૦૪ સુધી એટલે કે છ ટર્મ સુધી સુરતની ચૂંટણી જીતીને સાંસદ રહ્યાં હતા. ૧૯૮૪માં કાશીરામ રાણાને કોંગ્રેસના સીડી પટેલે એક વખત હરાવ્યા હતા. ૨૦૦૯ અને ૨૦૧૪માં ભાજપે દર્શના જરદોશને ટિકીટ આપી હતી અને તેઓ વિજયી બન્યાં હતા.